
# ઈન્ટરનેશનલ ગર્લ ચાઈલ્ડ ડે

બાળ કન્યાઓના અધિકારોની રક્ષા કરવા અને તેની સામે આવતા પડકારોને પહોંચી વળવા માટે દર વર્ષે ૧૧ ઓક્ટોબરના રોજ ‘ ઈન્ટરનેશનલ ગર્લ ચાઈલ્ડ ડે’ (વિશ્વ બાળ કન્યા દિવસ) મનાવવામા આવે છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૧ ઓક્ટોબર ૨૦૧૨માં આ દિવસ પહેલી વાર મનાવવામાં આવ્યો હતો. વિશ્વભરની છોકરીઓ તથા સ્ત્રીઓએ લૈંગિક અસમાનતા, શિક્ષણ, પોષણ, કાનૂની અધિકાર, તબીબી સંભાળ, ભેદભાવ, હિંસા, સ્ત્રી ભ્રૂણહત્યા અને બળજબરીપૂર્વકના લગ્ન જેવી અસમાનતાઓ ભોગવવી પડે છે. જેથી કન્યાઓને તેમના અધિકારો અને સન્માન પ્રત્યે જાગરૂકતા કેળવાય તે હેતુથી આ દિવસને ઉજવાય છે.




દરેક વર્ષે ગર્લ ડે ની થીમ અલગ અલગ હોય છે; જેમ કે બાળ લગ્નનો અંત, છોકરીઓના શિક્ષણ માટે નવીનતા, કિશોરવયની છોકરીઓ માટે સશક્તિકરણ, કિશોરવયની છોકરીઓની ક્ષમતા : વિઝન ફોર ૨૦૩૦,ગર્લ્સની પ્રગતિ = લક્ષ્યોની પ્રગતિ, એમ્પાવર ગર્લ, સ્કીલ્ડ ગર્લ્સ ફોર્સ. ચાલુ વર્ષની થીમ છે મારો અવાજ, આપણું સમાન ભવિષ્ય. જેમા વૈશ્વિક સ્તરે છોકરીઓ કેવી રીતે આગળ વધી રહી છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે.



## પ્રસંગસર

**પ્રો. જીગર એસ બારોટ**

યુએન દ્વારા કન્યા દિવસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કેટલાક દેશોમાં કરવામાં આવે છે. જેમ કે ભારતના મુંબઈમા યોજાયેલ એક કોન્સર્ટ. ગર્લ ગાઈડ્સ ઓસ્ટ્રેલિયા જેવી કેટલીક બિન-સરકારી સંસ્થાઓ પણ આંતરરાષ્ટ્રીય દિવસ ગર્લ્સ ડે માટેની ઈવેન્ટ્સ અને પ્રવૃત્તિઓનુ આયોજન કરે છે. આજના આ મહામારીના સમયમાં હજારો લોકોએ અને સંસ્થાઓ ઓનલાઈન એકસાથે મળીને ગર્લ્સ ડે માટે વર્ચુઅલ ઈવેન્ટનુ આયોજન કરશે.

સમાજમા છોકરીઓનું મહત્વ છોકરાઓની સરખામણીમાં ઓછું આંકવામા આવે છે. દિકરીને રમવાની ઉંમરમાં પરણાવી દેવામાં આવે છે. કન્યાના સ્વાસ્થ્ય માટે મોટો ખતરો છે વહેલું લગ્ન. બાળ લગ્ન પછી તે ઘણીવાર ઝડપથી ગર્ભવતી થઈ જાય છે જેથી તેની આરોગ્યને લગતી મુશ્કેલીઓ વધી જાય છે અને મૃત્યુનું જોખમ રહે છે. વિકાસશીલ દેશોમાં કિશોરવયની છોકરીઓમાં મૃત્યુનું એક મુખ્ય કારણ યુવાન વયે ગર્ભાવસ્થા છે. છોકરીઓએ છોકરાઓ કરતાં વધુ ઘરકામ કરવા પડે છે. ઘણી વખત તો છોકરીઓને બાળ મજૂરી માટે દબાણ કરવામા અવે છે, જે તેમના શિક્ષણ પર ખૂબ નકારાત્મક અસર કરે છે. એક સર્વે મુજબ ૧૨ મિલિયન છોકરીઓ દર વર્ષે ૧૮ વર્ષની ઉંમરે લગ્ન કરે છે. વૈશ્વિક સ્તરે પાંચમાંથી એક છોકરીએ જાતીય હિંસા અનુભવી છે. પૂર્વીય અને દક્ષિણ આફ્રિકામાં, કિશોરોમાં લગભગ ૮૦% નવા એચ.આય.વી સંક્રમણો છોકરીઓમાં જોવા મળે છે. પરંતુ આપણે એ ના ભુલવુ જોઈએ કે પી.ટી.ઉષા, કલ્પના ચાવલા, મેરી કોમ ગીતા ફોગાટ, સાનિયા મિર્ઝા, , સાક્ષી મલિક, દીપા કર્માકર, સાયના નેહવાલ, સુમિત્રા મહાજન જેવી ઘણી પ્રતિભાશાળી મહિલાઓએ દેશના વિકાસમા ખુબ મોટો ફાળો આપ્યો છે. આમ, સ્ત્રી પુરુષ કરતાં કોઈ રીતે ઊતરતી નથી.

●●●

‘જ્યારે છોકરીઓ શિક્ષિત થાય છે, ત્યારે તેમના દેશો વધુ મજબૂત અને સમૃદ્ધ બને છે.’

- મિશેલ ઓબામા

# એચડીએફસી બેંકના રવિ સંથાનમને ફોર્બ્સની વિશ્વના સૌથી પ્રભાવશાળી સીએમઓની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું

**આ યાદીમાં સ્થાન પામનારા તેઓ કોઈ ભારતીય કંપનીના એકમાત્ર સીએમઓ છે**

એચડીએફસી બેંકના ચીફ માર્કેટિંગ ઑફિસર (સીએમઓ) રવિ સંથાનમને ‘ફોર્બ્સની વિશ્વના સૌથી પ્રભાવશાળી સીએમઓ’ની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. એપલ, બીએમડબ્લ્યુ, લીગો, એડોબ, માઈક્રોસોફ્ટ, પી એન્ડ જી જેવી કંપનીઓના માર્કેટિંગના વડાઓને જેમાં સ્થાન આપવામાં આવ્યું છે, તેવી આ અત્યંત પ્રતિષ્ઠિત યાદીમાં ૩૯મો ક્રમ પ્રાપ્ત કરનાર રવિ સંથાનમ કોઈ ભારતીય કંપનીના એકમાત્ર સીએમઓ છે.

સ્પ્રિંકલર અને લિંક્ડઇન જેવા સંશોધન સહભાગીઓની મદદથી ફોર્બ્સ દ્વારા જાહેર કરવામાં આવેલ વાર્ષિક યાદીની આ ૮મી આવૃત્તિ છે. આ વર્ષે વિશ્વના ૪૨૭ સીએમઓ તેમાં સ્થાન પામવા માટે પાત્ર ઠર્યા છે. તેમના પ્રભાવની જાણકારી મેળવવા સમાચારપત્રો, વેબસાઈટ્સ અને સોશિયલ નેટવર્ક્સમાંથી મેળવવામાં આવેલા ડેટાનો ઉપયોગ કરીને આ યાદી તૈયાર કરવામાં આવી છે.

પોતાના સંપાદકીયમાં ફોર્બ્સએ લખ્યું છે કે, ‘સંથાનમ એ એક માર્કેટિંગ લીડર છે, જેઓ પર્સનલાઈઝ કરેલા અને સુસંગત ગ્રાહક અનુભવને પ્રાથમિકતા આપે છે તથા તેઓ માને છે કે, મશીન લર્નિંગ અને ડેટા સાયન્સ એ માર્કેટીયર્સ માટેના ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાધનો છે; જે અંગે તેમણે હાલમાં જ એક બ્લૉગમાં જણાવ્યું હતું. કોરોનાવાઈરસ રોગચાળાના સમયમાં જાહેરમાં લોકો વચ્ચે સલામત અંતર જાળવવામાં મદદરૂપ થવા #HDFCBankSafetyGrid નામનું અભિયાન શરૂ કરી તેમણે બેંક દ્વારા આપવામાં આવેલા પ્રતિભાવની આગેવાની કરી કર્યું હતું. આ ઉપરાંત તેમણે આ કપરા સમયમાંથી ઉગરી જવા સંબંધે ‘હમ હાર નહીં માનેગે’ નામના એક પ્રેરણાદાયી મ્યુઝિક વીડિયોના સર્જનકાર્યનું પણ નેતૃત્ત્વ કર્યું હતું, જેમાં ભારતીય સંગીતની પ્રતિભાઓને સ્થાન આપવામાં આવ્યું હતું.

## સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કરાયું

**ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ફીટ ઈન્ડિયા મુવમેન્ટના ભાગરુપે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ગુજરાતમાં સૌપ્રથમ ‘ફીટ ઈન્ડિયા કલબ’ની સ્થાપના તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સમજૂતી કરાર**

ગાંધીનગર, તા. ૧૦

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ગાંધીનગર એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સાથે તા.૦૮/૧૦/૨૦૨૦ ના રોજ વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોની સ્વર્ણિમ વિકાસયાત્રામાં બંને યુનિવર્સિટીના પારસ્પરિક હિતોને ઉત્તેજન અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ, સંશોધન તેમજ પ્રશિક્ષણ કાર્યમાં પરસ્પર સહયોગ સાધવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પટાંગણમાં સમજૂતી કરાર કરવામાં આવ્યા.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે આજરોજ આંકડાશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે એમ.ઓ.યુ. કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. નીતિનભાઈ પેથાણી તથા ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણી તથા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડો. અર્જુનસિંહ રાણા ઉપસ્થિત રહી એમ.ઓ.યુ. સાઈન કરેલ હતા. બંને યુનિવર્સિટી ધ્વારા એમ.ઓ.યુ. અંતર્ગત જોઈન્ટ રીસર્ચ પ્રોજેક્ટ, કોન્ફરન્સ, સ્ટુડન્ટ એકસચેન્જ એકટીવીટી, વોકેશનલ સ્પોર્ટસ કોર્ષીસ, એડવેન્ચર સ્પોર્ટ્સ જેવા ખયબ મહત્વના વિષયો પર પરસ્પર સુમેળ સાધી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને ધ્યાને લઈને કર્યો કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ હરહંમેશ વિદ્યાર્થીઓની ચિંતા કરે છે. યુનિવર્સિટીનો વિદ્યાર્થી સ્વસ્થ રહે, ફીટ રહે, નીરોગી રહે એ માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી વિવિધ સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. કોરોનાના કપરા કાળમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ તમામ કર્મચારીઓના કોરોના ટેસ્ટ કરાવી કર્મચારીઓના સ્વાસ્થ્યની સતત ચિંતા કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આપણી યુનિવર્સિટીનો વિદ્યાર્થી રાષ્ટ્રીય સ્તરે અને ઓલમ્પિકમાં યુનિવર્સિટીનું નામ ઉજાગર કરે એવી અપેક્ષા છે.

આ કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ફીટ ઈન્ડિયા મુવમેન્ટના ભાગરુપે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ‘ફીટ ઈન્ડિયા કલબ’ ની સ્થાપના કરાઈ. સમગ્ર ગુજરાતમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ સૌપ્રથમ આ કલબની સ્થાપના કરનાર યુનિવર્સિટી છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડો. અર્જુનસિંહ રાણા એ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થી, અધ્યાપક, આચાર્ય તરીકેની જવાબદારી વાહન કરેલ અને હાલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ તરીકે કાર્યરત છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે આજે એમ.ઓ.યુ. થઈ રહ્યું છે તેનો ખુબ આનંદ છે. કુલપતિશ્રી ડો. અર્જુનસિંહ રાણા એ ફીટ ઈન્ડિયા મુવમેન્ટ તથા ફીટ ઈન્ડિયા કલબની સમગ્ર માહિતી અને પ્રતિમાસનું કેલેન્ડર અનુસાર કાર્યની વિસ્તૃત માહિતી આપેલ હતી. ફિટ ઈન્ડિયા કલબની સ્થાપના યુનિવર્સિટી તથા કોલેજના લેવલ પર કરવામાં આવશે અને યુનિવર્સિટી તથા કોલેજના શારીરિક શિક્ષણના પ્રાધ્યાપક તેના કોઓર્ડીનેટર તરીકેની ભૂમિકામાં રહેશે અને તમામ વિદ્યાર્થીઓ ફિટ ઈન્ડિયા કલબના સભ્ય રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિડો. નીતિનભાઈ પેથાણી એ તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ આજે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કરેલ છે એ આનંદની વાત છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફીટ ઈન્ડિયા કલબની સ્થાપના થકી યુવાનોમાં સ્પોર્ટ્સની રુચિ અને વ્યાયામની સુટેવો કેળવાય એ માટે સતત પ્રયત્નશીલ રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ ફીટ ઈન્ડિયા કલબમાં યુવાનોને પ્રેરણા આપી કલબની પ્રવૃત્તિઓને વેગ આપશે એવો વિશ્વાસ છે.

આ કાર્યક્રમમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ ગુજરાત રાજયના એમ્બેસેડર ડો. અર્જુનસિંહ રાણા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડો. નીતિનભાઈ પેથાણી, માનનીય ઉપકુલપતિશ્રી ડો. વિજયભાઈ દેશાણી, સિન્ડિકેટ સભ્ય ડો મેહુલભાઈ રુપાણી, ડો. નેહલભાઈ શુકલ, ડો. હરદેવસિંહ જાડેજા તથા કુલસચિવ ડો. જતીનભાઈ સોનીનું ખેસ અને મોમેન્ટો અર્પણ કરી સન્માન કરેલ હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલસચિવશ્રી ડો. જતીનભાઈ સોની એ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા અને માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યો ડો. ગીરીશભાઈ ભીમાણી, ડો. હરદેવસિંહ જાડેજા, ડીન ડો. નીદતભાઈ બારોટ, સેનેટ સભ્યઓ, વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ, ભવનોના અધ્યક્ષશ્રીઓ, બોર્ડ ઓફ સ્પોર્ટ્સના સભ્યશ્રીઓ, સ્પોર્ટ્સ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.




# ગાંધીનગર જિલ્લામાં મોબાઈલ ટુ સ્પોર્ટસ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

યુવાધનનો શારીરિક અને માનસિક વિકાસ ઉત્તમ રીતે થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા વર્ષ – ૨૦૨૦- ૨૧ દરમ્યાન “MOBILE TO SPORTS’’ ની નવી યોજના મંજૂર કરવામાં આવી છે. આ યોજનાને મોબાઈલ ટુ સ્પોર્ટસ ફેસબુક પેજ, યુ ટયુબ ચેનલ, રેડિયો ક્વિઝ, ટેલિવિઝન તેમજ સોશિયલ મીડિયા સંબંધિત માધ્યમો દ્વારા ખ્યાતનામ ખેલાડીઓની વિગતો, ઓડિયો/ વિડિયો કલીપ રજૂ કરી યુવાનોને રમતગમતની પ્રવૃત્તિઓ માટે પ્રેરણાસહ આકર્ષિત કરવામાં આવશે.

જે અંતર્ગત રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હસ્તકની ગુજરાત રાજય લલિતકલા અકાદમીની કેચરી તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરીઓ દ્વારા સંયુક્ત રીતે મોબાઈલ ટુ સ્પોર્ટસ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલીકા અને ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ભાગ લઈ શકશે.

સ્પર્ધકે એ/૪ સાઈઝના ડ્રોઈંગ પેપર મોબાઈલ ટુ સ્પોર્ટસ વિષય પર પોતાની કૃતિ તૈયાર કરી તા. ૦૭/૧૧/૨૦૨૦ ને બપોરના ૧૨.૦૦ કલાક સુધીમાં પોતાના જિલ્લામાં આવેલ જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે મોકલી આપવાની રહેશે.

રાજયકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતાની પસંદગી થશે. જે પૈકી પ્રથમ વિજેતાને રૂપિયા ૧૦ હજાર, દ્વિતીય વિજેતાને રૂપિયા ૭૫૦૦/- તથા તૃતીય વિજેતાને રૂપિયા ૫૦૦૦/- એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને (પ્રત્યેકને) રૂપિયા ૨૫૦૦/- મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે.

આ અંગેની વધુ માહિતી મોબાઈલ ટુ સ્પોર્ટસ યોજના અંતર્ગત ફેસબુક પેજ https://www.facebook.com/mobile2sports તેમજ યુ ટયુબ ચેનલની લીંક http://www.youtube.com/channel/UCzsjROvtHpN4rk_ensUaz-g પરથી મળશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

# હૈદરાબાદના હાર્ટફૂલનેશ ટ્રસ્ટ દ્વારા આઈટીઆઈના વિદ્યાર્થીઓ માટે મેડીટેશન કાર્યક્રમનું આયોજન

**આ કાર્યક્રમ ૧.૫૦ લાખ આઈટીઆઈ વિદ્યાર્થીઓના સમગ્રલક્ષી વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓના સાતત્ય તરીકે યોજાશે**

ગાંધીનગર, તા. ૧૦

શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ કામ કરતી ડિરેક્ટોરેટ ઓફ એમ્પલોયમેન્ટ ટ્રેનીંગે ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનીંગ ઈન્સ્ટીટ્યુટસ (આઈટીઆઈ) શિક્ષકોઅને વિદ્યાર્થીઓ માટે હાર્ટફૂલ એજ્યુકેશન પ્રોગ્રામ તરીકે યોજાયો છે.

હાર્ટફૂલનેસ એજ્યુકેશન પ્રોગ્રામ હૈદ્રાબાદના હાર્ટફૂલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી ઓફર કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ હાર્ટ આધારિત પ્રવૃત્તિઓનો ઉપયોગ કરી શિક્ષકો અને વિદ્યાર્થીઓને સમતોલ, હેતુલક્ષી અને આનંદિત જીવન જીવવામાં સહાયરૂપ થાય છે. આ ટ્રસ્ટ ભારતભરમાં ૫૦૦૦ મેડીટેશન સ્પોટ ચલાવે છે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જણાવ્યું કે “અમે છેલ્લા થોડાંક વર્ષોમાં વિવિધ આઈટીઆઈ ખાતે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સંખ્યાબંધ પગલાં ભરવામાં આવ્યા છે. અમે આઈટીઆઈ ખાતે તાલિમ લઈ રહેલા વિદ્યાર્થીઓની સોફ્ટ સ્કીલ સુધારવા માટેનાં વિવિધ કદમ ઉઠાવ્યા છે. હાર્ટફૂલ એજ્યુકેશન પ્રોગ્રામનો ઉદ્દેશ આઈટીઆઈના હજારો શિક્ષકો અને ૧.૫૦ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓ માટે સમગ્રલક્ષી વિકાસ હાથ ધરવાનો છે.’’

મિત્રાએ વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ ત્રણ તબક્કામાં હાથ ધરવામાં આવશે. આ કાર્યક્રમનો પ્રથમ તબક્કો ઈન્સપાયર છે, જેમાં શિક્ષકોની તાલિમ આવરી લેવાઈ છે. તેમાં શિક્ષકોની કોમ્યુનિકેશન સ્કીલ્સનો સમાવેશ કરાયો છે અને શિક્ષકોને તે માત્ર શિક્ષકો જ નહીં, પણ સુગમતા કરી આપનાર (ફેસીલીટેટર) બનાવે છે. તેમણે જણાવ્યું હતું કે “આ કાર્યક્રમ ગુજરાતી ભાષામાં હાથ ધરવામાં આવશે અને તે શિક્ષકોને નવી તાલિમ પધ્ધતિઓ અપનાવવામાં સહાય કરશે. આ કાર્યક્રમ તા. ૨૬ થી ૩૦ ઓક્ટોબર દરમ્યાન ઓનલાઈન માધ્યમથી યોજાશે.’’



આ કાર્યક્રમનો બીજો તબક્કો હેલ્પ (હાર્ટફૂલનેસ એક્સપિરીયન્સ ઓફ લાઈફ પોટેન્શ્યલ) છે, જે વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કીલ્સ, નિર્ણય કરવાનું કૌશલ્ય અને સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેય શિખવામાં સહાયરૂપ બને છે. આ કાર્યક્રમમાં મેડીટેશન ઉપર પણ ભાર મૂકવામાં આવશે. મેડીટેશનથી ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રવૃત્તિ સુધરે છે અને કોવિડના સમયમાં તાણ અને ડિપ્રેશન ઘટે છે. આ કાર્યક્રમમાં ૪૫ મિનિટની ૨૦ ઓનલાઈન સેશન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે ઓનલાઈન સ્ટ્રેસ હેપીનેસ એટેન્શન (SHA) નો સમાવેશ કરાયો છે. આ કાર્યક્રમ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં શરૂ થઈને માર્ચ સુધીમાં પૂર્ણ થશે.

આ કાર્યક્રમનો આખરી તબક્કો ઈઝી ટ્રેનીંગ છે. યુનાઈટેડ નેશન્સ ઈન્ફોર્મેશન સેન્ટરના સહયોગમાં હાર્ટફૂલ એજ્યુકેશન ટ્રસ્ટ નિબંધ સમારંભ યોજે છે, કે જેમાં પસંદ કરાયેલા વિષય પર વિદ્યાર્થીઓએ ૭૦૦ શબ્દોમાં નિબંધ સુપરત કરવાનો રહે છે. આ કાર્યક્રમ માટે રાજ્ય સરકારને કોઈ ખર્ચ થવાનો નથી.

## ગુજરાત સરકાર દ્વારા જબરદસ્ત કોમ્પ્યુટરિંગ ક્ષમતા ધરાવતા મહામૂલા ‘સુપર કોમ્પ્યુટર’ની સુવિધા સ્થાપવા માટે ગણપત યુનિવર્સિટીની પસંદગી

ગણપત વિદ્યાનગર તા. ૧૦

ગુજરાત રાજયની પ્રથમ પંક્તિની હાઈટેક શિક્ષણ સંસ્થા તરીકે ખ્યાતિ પામેલી ગણપત યુનિવર્સિટીની ગુજરાત સરકારે ‘સુપર કોમ્પ્યુટર’ સુવિધાથી સજ્જ કરવા માટે પસંદગી કરી છે.

અસાધારણ કોમ્પ્યુટરિંગ ક્ષમતા ધરાવતું આ શક્તિશાઓળી ‘સુપર કોમ્પ્યુટર’ નાણાંની રીત પણ લાખો રૂપિયાની કિંમત ધરાવતું - મહામૂલું આધુનિક ટેકનોલોજીકલ ઈક્વિપમેન્ટ છે. ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા ચાલતી ‘ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા ગણપત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ’ અને ટેકનોલોજી ફેકલ્ટી ઈન્સ્ટિટયુટ ઓફ કોમ્પ્યુટર ટેકનોલોજીની આ ‘સુપર કોમ્પ્યુટર’ની સુવિધા અર્પણ કરવામાં માટે વિશેષ પસંદગી કરવામાં આવી છે. જે ગણપત યુનિવર્સિટી માટે ઘણા મોટા ગૌરવની વાત છે.

‘સુપર કોમ્પ્યુટર’ના ઉપહાર દ્વારા ગણપત યુનિવર્સિટીના કોમ્પ્યુટર ટેકનોલોજીના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને અભ્યાસુઓ - સંશોધકોની લર્નિંગ કેપેસિટી હાઈએન્ડ લેવલે ડેવલપ કરવાની ક્ષમતા બક્ષવા માટે ગણપત યુનિવર્સિટીના ડાયરેકટર જનરલ અને પ્રો. ચાન્સેલર પ્રા. ડો. મહેન્દ્ર શર્માએ ગુજરાત સરકારનો આભાર માન્યો હતો, તો ઈન્સ્ટિટયુટના વડા પ્રૉ. ડો. હેમલ શાહે પણ આનંદ અને ધન્યતાની લાગણી વ્યક્ત કરી હતી.



રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી વર્ષની ઉજવણી નિમિત્તે ઝવેરચંદ મેઘાણીનાં જીવન-કાર્ય-સાહિત્યથી નવી પેઢી પરિચિત-પ્રેરિત થાય તે આશયથી પિનાકી મેઘાણી અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનનું પ્રેરક આયોજન કરવામાં આવ્યું હતું.

## રામચરિત માનસ અને સુંદરકાંડના હવનાત્મક પાઠનું આયોજન કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર ખાતે પવિત્ર સ્થાન એવા શ્રી નિર્મોહી આશ્રમ , જીઆઈડીસી સેક્ટર-૨૫ ખાતે પાઠ્ય પુસ્તક મંડળની સામે તારીખ ૧૦ અને ૧૧ ઓક્ટોબરના રોજ રામચરિત માનસ અને સુંદરકાંડ નો હવનાત્મક પાઠ નું આયોજન કરવામાં આવશે.

# જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ ભાવસાર
મો. ૯૮૨૫૪ ૬૩૮૩૫




મુકેશ કે પરમાર
મો. ૯૯૭૯૦ ૩૦૧૧૩



ક્રિપેન (હિરેન) હેમંતભાઈ શ્રીમાળી
મો. ૯૭૨૨૬ ૬૧૩૨૯



દ્વિતીબેન ઘનશ્યામભાઈ વાઘેલા
મો. ૯૯૨૪૦ ૨૪૬૫૬



શિવાંગી દિનેશભાઈ પટેલ
મો. ૮૪૯૦૮ ૩૧૧૬૧



પંડ્યા ખુશી રાજેશકુમાર
મો. ૮૪૯૦૮ ૩૧૧૬૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક


માસ્ક પહેરો... કોરોનાથી બચો...